REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS FOR INDIA
No. 07598/22 A.K. 9 - T.C. WPP REGD. No.GRJ-303

શ્રી અરવિંદનો યોગ-
હા, એ સાચેસાચ સૂર્ય-પથ છે.
સૂર્યના પ્રકાશથી પ્રકાશતો,
પ્રભુ ચેતનાના અંતરતમ ગર્ભગૃહ સુધી પહુંચતો,
ક્યાંય પણ એ પ્રકાશના ઓછાયા વિનાનો,
સુદૃઢ-પાકો સાધના માર્ગ છે-




તમે અંતરાત્માની વૃત્તિ ધારણ કરો,
અને સીધો સૂર્યનો તેજોમય પથ લો,
અને એ પથ ઉપર પ્રભુ
તમને પ્રગટ યા તો
ગુપ્ત રીતે ટેકો આપતા રહેશે.

DATE OF POSTING : 1st OF EVERY MONTH

# સહજ-સત્સંગ

અંક : ૨૨૯ વર્ષ : ૨૦ તંત્રી : ભૂપેન્દ્ર ત્રિવેદી જાન્યુઆરી : ૨૦૦૮



પરમ જ્યોતિનું મૂર્તિમંત સ્વરૂપ તે શ્રી માતાજી છે.
તમારામાં પ્રકાશના એક જ બિંદુને પ્રકાશવા દો,
તે વિશ્વમાં પ્રકાશ ઉપર અને પ્રકાશ શું કરી શકે છે,
તેના ઉપર અપાયેલાં સુંદર વ્યાખ્યાનો કરતાં
અંધકારનો નાશ કરવામાં વધારે અસરકારક બનશે.



બધા જ ભય, સંઘર્ષ, ઝગડા છોડી દો, તમારી આંખ
અને હૃદયને ખોલી દો, અતિમનસ ત્યાં છે.
- શ્રી માતાજી



મનુષ્યએ સૂર્યની સત્ય જ્યોતિ માટે
અભીપ્સા રાખતા બનવાનું છે.
- શ્રી અરવિંદ

# Welcome 2008

એક નવીન જગત સત્ય ઉપર રચાયેલું, અને જૂઠની જૂની દુનિયાનો ઈન્કાર કરતું એક નવું જ જગત જન્મ પામવા ઈચ્છે છે.

શું તમે એમાં સહયોગ આપશો ?

આ માટે

આ નૂતન વર્ષના જન્મદિનથી જ

તમારી ચેતનામાં નવજન્મ પામો. તમામ વસ્તુને સત્યની રીતે અજમાવો - સત્યને માત્ર વળગી રહો - સત્યનો જ આગ્રહ રાખો, સત્યની જ અભીપ્સા સેવો.

મનુષ્યએ સૂર્યની સત્યજ્યોતિ માટે જ અભીપ્સા રાખતા બનવાનું છે.

Good by to the Previous Year
Welcome to the New Year



શ્રી અરવિંદ - શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં
સમજણ આપતું ગુજરાતી ભાષાનું
લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**

અંક : ૨૨૯ વર્ષ : ૨૦
જાન્યુઆરી - ૨૦૦૭

**મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર**
**તંત્રી : ભૂપેન્દ્ર ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન : ૨૫૬૩૪૯૪

**વાર્ષિક માતૃચરણે અર્પણ**

વાર્ષિક રૂા. ૧૦૦/-

**: ચેક/ડ્રાફ્ટ :**
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્રના
નામે મોકલી શકાય

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005
Phone : (0281) 2563494



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮
રાજકોટ

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)

**તંત્રી સ્થાનેથી**

# મહામંત્રનો જાદુ

જીવનમાં તમે સફળ નથી થયાં. જે હેતુ લઈને તમે અહીં આવ્યા તે હેતુ પણ પામી શક્યા નહિ - તો હવે તમે શું કરશો ! એની એ જૂની ઘરેડ, એના એ જ યંત્રવત્ કાર્યો - એની એ જ ટેવોને વળગીને ચાલવાનું - ના, આ તો જરા પણ ચલાવી લેવાય નહિ.

નૂતન વર્ષના આરંભે નૂતન જીવન જીવવાનો તમે જે સંકલ્પ કરો છો તે સંકલ્પમાં બળ ખૂબ ઓછું હોય છે. એમાં કોઈ આત્મ શક્તિનું ઝળહળતું તેજ હોતું નથી. તમે આમ જૂઓ તો તમે પોતે કંઈ જ નથી. અને જન્મ્યા ત્યારથી અસંખ્ય ટેવો અને ઈચ્છાઓનું ભેગું કરેલું એક પોટલું માત્ર છો.

તમે તમારી મેળે આ ટેવોમાંથી મુક્ત થઈ શકવાના નથી તે માટે તમારે એક બીજી શક્તિની જરૂર પડશે, એ શક્તિ છે ભગવાનની શક્તિ

આપણા જીવનથી ઉર્ધ્વની દિવ્ય ચેતના શક્તિ મા ભગવતી શ્રી માતાજી. આ શક્તિને સમર્પણ કરી દઈએ તો જ આપણી અંદર આ રૂપાંતર પામવાની શક્તિ કાર્ય કરતી થાય અને તો જ આપણી અંદર જે કંઈ નકામું



છે, તોડવાનું છે, બદલવાનું છે તે બધું આપણે શ્રી માતાજીની શક્તિ મેળવીને જ કરી શકીશું. અને તે પછી આપણે જીવનમાં ક્યારે પણ હતાશા અનુભવીશું નહીં.

નવા વર્ષના આરંભે આપણે આટલું પણ જો કરી શકીએ તો પણ એ ઘણું મોટું કાર્ય થયું ગણાશે. તે એક ભવ્ય આરંભ બની રહેશે. આપણી અંદર જીવનને સફળ બનાવવા માટેનો મહામંત્ર મહાચેતનાઓએ આપેલો છે. તે મંત્રને જીવનની અંદર વણી લઈએ. એ મહામંત્ર છે LET THY WILL BE DONE AND NOT MINE. ''હે પ્રભુ તારી જ ઈચ્છા પ્રમાણે થાવ, નહીં કે મારી ઈચ્છા પ્રમાણે'' અને પછી જૂઓ તમે આ મહામંત્રનો જાદુ.

---

**મા ભગવતી ઈશ્વરની**
**દિવ્ય ચેતના અને દિવ્ય શક્તિ છે**
**- એ સર્વ વસ્તુઓની જનેતા છે.**

---

This Issue of
"SAHAJ-SATSANG"
is Sponsored by
Shri Dhirajbhai Padgham (Bhakta) from U.S.A.

# સૂર્ય - પથના સર્જકો

સૂર્ય-પથ-the-sun-lit path સૂર્ય પ્રકાશિત પથઃ આ મંત્રમય શબ્દો બારેક વર્ષ ઉપર પ્રથમ વાર કાને પડેલા. એ બે શબ્દો જ જાણે અંતરાત્મામાં એક મોટું દ્વાર ખોલી ગયા. આશ્ચર્ય, આનંદ, શ્રદ્ધા અને હૂંફનો એક મધુર ગહન ગુંજારવ ચિત્તના અણુઅણુમાં થઈ રહ્યો.

શ્રી અરવિંદનો યોગ - હા, સાચેસાચ એ સૂર્ય - પથ છે, સૂર્યના પ્રકાશથી પ્રકાશતો, પ્રભુ-ચેતનાના અંતરતમ ગર્ભગૃહ સુધી પહોંચતો, ક્યાંય પણ અપ્રકાશના ઓછાયા વિનાનો, સુદ્દઢ, પાકો સાધનામાર્ગ છે. જગતમાં ઘણા યોગો હતા અને છે, ઘણા પ્રકાશો છે, નાના મોટા, ધૂંધળા ઊજળા. જગતમાં ઘણી રીતના યોગીઓ, સાધકો, યાત્રીઓ, ભાવુકો છે. આ બધામાં પૂર્ણતાને માટેનો એક પ્રચંડ પુરુષાર્થ આદરી, શ્રી અરવિંદે જીવનના મૂલતમ પ્રશ્નનો પૂર્ણત્તમ ઉકેલ શોધવાની સાધના કરી.

'શ્રી માતાજી અને મારે હરેક રીતના રસ્તા અજમાવી જોવા પડયા છે. હરેક રીતની પદ્ધતિઓ ચકાસી જોવી પડેલ છે, મુશ્કેલીઓના ગંજ પર ગંજ ઓળંગવા પડેલા છે... લડાઈઓ લડવી પડી છે, ઘા ઝીલવા પડયા છે... મને ખાતરી છે કે આવું કામ અમારા પહેલાં કોઈને પણ માથે આવેલું નથી. પરંતુ આ વસ્તુઓ બીજાઓએ પણ ફરી ફરીને પાછી પૂરેપૂરી અનુભવવી પડે, તેમાંથી પસાર થવું પડે એ વાત ચલાવી લેવાય તેવી નથી, જરૂરી પણ નથી. અમને આ વિષયનો સંપૂર્ણ



અનુભવ પ્રાપ્ત થઈ ચૂકેલો છે અને એટલા માટે જ અમે બીજાઓને એક વધુ સીધો અને વધુ સરળ માર્ગ બતાવી શકીએ છીએ... અમે આ અનુભવ મેળવવા માટે એક ગંજાવર કિંમત આપી છે અને એટલે જ એના આધારે અમે તમને અને બીજાઓને ભારપૂર્વક કહી શકીએ છીએ કે, તમે અંતરાત્માની વૃત્તિ ધારણ કરો, આ સીધો સૂર્યનો તેજોમય પથ લો અને એ પથ ઉપર પ્રભુ તમને પ્રગટ યા તો ગુપ્ત રીતે ટેકો આપતા રહેશે.'

આ સૂર્ય - પથનું સ્વરૂપ, તેની રચના, એ પથની યાત્રા, એની મુસીબતો, એમાં સધાતી પ્રગતિ, એમાં આવતા અપ્રગતિના ગાળા, એ બધું એક નવીન પ્રદેશની રોમાંચક વાર્તા જેવું છે. સાધકને માટે એ ઘણું પ્રેરણા દેનારું ભાથું છે. આપણા કરતાં યે ભારે મુસીબતો આ મહા ગુરુઓએ વેઠેલી છે, આપણે અનુભવીએ છીએ તેથી યે કારમાં સંગ્રામો તેમણે ખેડયા છે એ વાત આપણી નાનકડી સાધનાને ઘણી હૂંફ આપે તેવી છે, રસ્તા અજમાવી જોવા પડયા છે, હરેક રીતની પદ્ધતિઓ ચકાસી જોવી પડેલી છે, મુશ્કેલીઓના ગંજ પર ગંજ પર ગંજ ઓળંગવા પડેલા છે. આશ્રમની અંદર અથવા તો આશ્રમની બહાર તમારે પોતાને યા તો કોઈપણ બીજી વ્યક્તિને જે કાંઈ બોજો ઉઠાવવો પડયો હશે તેથી કેટલા યે ગણો વિશેષ બોજ અમારે ઉઠાવવો પડેલો છે, લડાઈઓ લડવી પડી છે, ઘા ઝીલવા પડયા છે,અભેધ એવાં કળણો, રણો અને જંગલોમાં થઈને રસ્તા કાપી તૈયાર કરવા પડયા છે, વિરોધી બળોનાં દળ પર દળ જીતવા પડેલા છે. મને ખાતરી છે કે આવું કામ અમારા પહેલા કોઈને પણ માથે આવેલું નથી. અમે જે રીતનું કામ ઉપાડેલું છે તેવા કામમાં રહેલા નેતાએ માત્ર પ્રભુને નીચે લઈ આવવાનું જ કામ કરવાનું હોતું નથી, તેમ જ પ્રભુના પ્રતિનિધિ તરીકેનું તથા પ્રભુને દેહમાં સાકાર કરવાનું જ કામ માત્ર કરવાનું હોતું નથી. આ નેતાએ આ ઉપરાંત માનવજાતિમાં રહેલા ઊર્ધ્વગામી તત્ત્વના પણ પ્રતિનિધિ બનવું પડે છે, માનવતાનો બોજ પૂરેપૂરો ઉઠાવવાનો રહે છે અને માર્ગમાં જે જે અવરોધ, મુશ્કેલીઓ અને વિરોધ આવતા રહે તે સર્વનો, કોઈ

માત્ર લીલાભાવે નહિ પરંતુ એક ગંભીર કઠોરતાપૂર્વક સામનો કરવાનો રહે છે. પોતાના કાર્યમાં મુંઝવણો, રુકાવટો ઊભી થતી રહે, પોતાની મહેનત ધીરે ધીરે જ સફળતાને વરે એ બધું આ નેતાએ વેઠી લેવાનું રહે છે. પરંતુ આ બધી વસ્તુઓ બીજાઓએ પણ ફરી ફરીને પાછી પૂરેપૂરી અનુભવવી પડે. તેમાંથી પસાર થવું પડે એ વાત ચલાવી લેવાય તેવી નથી, જરૂરી પણ નથી. અમને આ વિષયનો સંપૂર્ણ અનુભવ પ્રાપ્ત થઈ ચૂકેલો છે અને એટલા માટે જ અમે બીજાઓને એક વધુ સીધો અને વધુ સરળ માર્ગ બતાવી શકીએ તેમ છીએ - હા, લોકો એને લેવા માટે સંમત બનશે તો જ તો. અમે આ અનુભવ મેળવવા માટે એક ગંજાવર કિંમત આપી છે અને એટલે જ એના આધારે અમે તમને અને બીજાઓને ભારપૂર્વક કહી શકીએ છીએ કે, 'તમે અંતરાત્માની વૃત્તિ ધારણ કરો, આ સીધો સૂર્યનો તેજોમય પથ લો, અને એ પથ પર પ્રભુ તમને પ્રગટ યા તો ગુપ્ત રીતે ટેકો આપતા રહેશે. એ જો ગુપ્ત રીતે ટેકો આપતા હશે તો વખત આવ્યે તે તમારી આગળ પ્રગટ પણ બનશે. પણ પેલી અટકાયતોથી ભરેલી કઠોર, વાંકીચૂંકી અને મુશ્કેલીઓવાળી યાત્રાનો માર્ગ લેવાનો આગ્રહ રાખશો.'

-સુન્દરમ્ (દક્ષિણામાંથી)

## આંતરિક સૂર્ય

તમારે ફક્ત એક આંતરિક સૂર્યને શોધી કાઢવા તમારે ભીતર ઊતરવાનું છે. એ ઝળહળતો સૂર્ય તમારી અંદર પણ છે. એ સૂર્યના પ્રકાશને તમારી ઉપર પથરાઈ જવા દેવાનો છે. અને પછી એક સંવાદમય, તેજોમય તેમ જ સૂર્ય પ્રકાશિત હાસ્યનો ધોધ વહી આવશે કે જે દુઃખ તેમજ અંધકારને દૂર કરી દેશે.



# યોગ એટલે નવો જન્મ

યોગ એટલે જ પુનર્જન્મ; આપણે જે બુદ્ધિપ્રધાન ભૌતિક જીવન જીવી રહ્યાં છીએ તેમાંથી એક ઉચ્ચ, આધ્યાત્મિક ચેતનામાં જવું અને એક વિશાળ તેમજ દિવ્ય વ્યક્તિ બનવું એ છે એ નવો જન્મ. જ્યાં સુધી 'આ વિશાળ આધ્યાત્મિક પ્રદેશમાં પહોંચ્યા વિના છૂટકો જ નથી' એવું ભાન તીવ્રપણે ના થાય ત્યાં સુધી યોગને બરાબર રીતે શરૂ કરવો કે પાર પાડવો એ શક્ય નથી.

- શ્રી અરવિંદ

**હંમેશા એ રીતે વર્તો, જાણે કે**
**શ્રી માતાજી તમને જોઈ રહ્યાં છે.**
**કારણ કે તેઓ હંમેશ હાજર જ હોય છે.**

# આધ્યાત્મિકતા

આધ્યાત્મિકતા એટલે માણસના પોતાના અંતરતમ, ઉચ્ચોચ્ચ, વિશાળતર અને સત સ્વરૂપમાં તેમજ આત્માની ચેતનામાં સ્થાપિત થયેલું એવું એક નૂતન તેમજ મહત્તર આંતિરક માનવજીવન, જેના વડે માણસ સમગ્ર અસ્તિત્વને વિશ્વમાં રહેલા આત્માના ક્રમિક આર્વિભાવ રૂપે જુએ છે અને પોતાના જીવનને એ શક્ય રૂપાંતર માટે ક્ષેત્ર તરીકે સ્વીકારે છે; જે જીવનની શક્યતાઓ ખૂબ વિકસેલો જોવા મળશે, અને હાલના અપૂર્ણ રૂપો દિવ્ય પૂર્ણતાની પ્રતિકૃતિમાં પરિણત થયેલા જોવા મળશે. એ જીવનમાં માનવ સ્વરૂપની આ મહત્તર શક્યતાઓનું ફક્ત દર્શન જ કરવાનો પ્રયત્ન નહિ કરવામાં આવે, પરંતુ એ શક્યતાઓને ચરિતાર્થ પણ કરવામાં આવશે.

જે કોઈ શ્રી માતાજીને આવકારે, સ્વીકારે તેમજ શ્રી માતાજીના દિવ્ય પ્રકાશમાં રહે તે બધી (મનોમય, પ્રાણમય, શારીરિક) ભૂમિકાઓના સત્યને સમજવા લાગશે.



# પૂર્ણ આત્મસમર્પણ

પ્રભુને આત્મ -સમર્પણ કરવાની ત્રણ લાક્ષણિક પદ્ધતિઓ :

(૧) તમામ અભિમાનનું વિર્સજન કરીને પ્રભુચરણે પૂર્ણ તન્મ્રતાપૂર્વક સાષ્ટાંગ નમસ્કાર કરવા.

(૨) પ્રભુ સમક્ષ પોતાનું સ્વરૂપ ધરી દેવું. પોતાનું આખુંયે શરીર મસ્તકથી માંડી પગ સુધી, એક પુસ્તક ખોલતા હોઈએ તેમ ખોલી દેવું, આપણાં કેન્દ્રોને ખોલીને પાથરી દેવાં કે જેથી તેમની સર્વ ક્રિયાઓ તેમના પૂરા સાચા સ્વરૂપે દ્દશ્ય બની રહે અને તેમાંની એક પણ વસ્તુ છુપાયેલી ન રહે.

(૩) પ્રભુના બાહોઓમાં લપાઈ જવું. એક પ્રેમસભર અને પૂર્ણ વિશ્વાસપૂર્વક પ્રભુમાં ઓગળી જવું.

આ ત્રણ ક્રિયાઓની સાથે ત્રણ સૂત્રો જોડી શકાય અથવા પ્રસંગ પ્રમાણે એમાંથી કોઈ પણ સૂત્ર જોડી શકાય.

(૧) તારી ઈચ્છા સિદ્ધ થાઓ મારી નહિ.

(૨) તારી જે કોઈ ઈચ્છા હો, જે કોઈ ઈચ્છા હો તે પ્રમાણે થાઓ.

(૩) શાશ્વતી માટે હું તારો છું.

સામાન્ય રીતે, આ ક્રિયાઓ જ્યારે સાચી રીતે કરવામાં આવે છે ત્યારે પછી તેની એક પૂર્ણ તાદાત્મ્ય બની આવે છે. અહંકારનું વિસર્જન થાય છે, એક પરમ ભવ્ય આનંદ પ્રાપ્ત થાય છે.

- શ્રી માતાજી

# આ છે તારો નવજન્મ

આ જગત સંઘર્ષ અને વેદનાનું, મુશ્કેલીઓ અને તંગદીલીનું જગત છે. એ આ સર્વનું બનેલું છે. એ હજી બદલાયું નથી. એ બદલાય તેને હજી થોડો સમય લાગશે. છતાં દરેક વ્યકિત માં એમાંથી છૂટકારો મેળવવાની એક શકયતા રહેલી છે. તમે પરમ કૃપાની હાજરીનું અવલંબન લો, એ જ આ છૂટકારા માટેનો એકમાત્ર માર્ગ છે. છેલ્લા ત્રણ દિવસથી એ જ વાત હું તમને કહી રહી છું.

**શું કરવું જોઇએ?**

શું? તારા કામ બાબતમાં તો મારે કાંઇ જ કહેવાનું નથી. તું એ સમ્યક્પણે કરી રહ્યો છે, જે રીતે કરવું જોઇએ એ રીતે. તારું કામ બિલકુલ બરાબર છે.

**હું એ જ પૂછવા માગતો હતો કે આ કામ કોઇ રીતે જરૂરી છે ખરું? મારે એ શા માટે કરતા રહેવું જોઇએ?**

ખૂબ સૂરસ, તું એ કામ કરતો રહે. તું એ સંપૂર્ણપણે સારું કરે છે. કોઇ માણસ એ કામની કદર કરે એવી અપેક્ષા રાખીશ નહિ. માણસો એ જાણતા હોતા નથી કે કોઇ વસ્તુની કદર કઇ બાબતને અનુલક્ષીને કરવી જોઇએ. અને બીજાું, જયારે કોઇ વસ્તુ એમનાથી ચડિયાતી હોય, એમને એ ગમતું હોતું નથી.



**પરંતુ આ પ્રકારનું બળ કયાંથી મેળવવું?**

તારી અંદરથી. ભગવાનની હાજરી તારામાં રહેલી છે. એ તારી અંદર છે, અને તું બહાર શોધે છે. અંદર જો. એ તારી અંદર છે. ત્યાં તેની હાજરી રહેલી છે. બળ મેળવવા માટે તું જો એમ ચાહે કે બીજા તારી કદર કરે તો એ તને કદાપિત નહિ મળે. ખરું બળ તારી અંદર છે. તું જો ચાહે તો તું જેને પરમ લક્ષ્ય, પરમ પ્રકાશ, પરમ જ્ઞાન અને પરમ પ્રેમ તરીકે ઓળખે છે તેની અભીપ્સા કર. બસ, એ તારી અંદર છે. એમ ન હોય તો તું કદાપિ એમનો સંપર્ક સાધી શકે નહિ. તું તારી અંદર પૂરતો ઊંડે જાય તો ત્યાં તું એને પામી શકે છે, એક સદાય સીધી ઊંચે જગી અગ્નિશિખા રૂપે

અને એમ માનીશ નહિ કે આ એક બહુ કઠિન કામ છે. આ તો તારી દ્રષ્ટિ હંમેશા બહાર વળેલી હોય છે તેથી તને એ હાજરીનો અનુભવ થતો નથી. પરંતુ તુ સહારા માટે બહાર જોવાને બદલે અંદર એકાગ્રતા કર, પ્રત્યેક પળે શું કરવું અને એ કેવી રીતે કરવું એ જાણવા માટે પરમ પ્રભુને પ્રાર્થના કર, અને તું જે કાંઇ કરે છે તથા તું જે કાંઇ છે એ સર્વનું પૂર્ણતાની પ્રાપ્તિ અર્થે સમર્પણ કર; પછી તું અનુભવશે કે તને સદા દોરવણી આપતો તથા માર્ગ દર્શાવતો એ સહારો ત્યાં અંદર રહેલો છે. અને પછી એમાં કોઇ મુશ્કેલી આવે તો તેની સાથે લડવાને બદલે તું એને એ મુશ્કેલી સોંપી દે, પરમ પ્રજ્ઞાને એ સોંપી દે; જેથી તે એને સંભાળી લે; તમામ દુર્ભાવનાઓ, તમામ ગેરસમજો અને અમંગળ પ્રત્યાઘાતો પર એ કામ કરે. તું તારી જાતનું પૂર્ણ સમર્પણ કરી દે, પછી એ તારી ચિંતાનો વિષય રહેતો નથી; એ પરમાત્માનું ચિંતા બની જાય છે, અને પરમાત્મા એને ઉપાડી લે છે અને તેઓ એનું કરવું તે બીજા કોઇ કરતાં વધારે સારી રીતે જાણે છે. એ જ એક ઉપાય છે, મારા બાળ, એ જ એકમાત્ર ઉપાય.

એક વાત છે, હું જે કાંઇ કરું તે મારા સ્વજનોને પસંદ નથી પડતું.

તારા સ્વજનોની ચેતનામાં બીજા સૌની જેમ ભેળસેળ થયેલી છે.

જાતે હું તમારી હાજરીમાં જ બેઠો હોઉં- અને કોઇ પણ કામનો હું પોતે કર્તા નથીઃ મારી આ સંવેદના ખૂબ તીવ્રછે; માત્ર તીવ્રજ નહિ પરંતુ દિવસના પ્રકાશ જેટલી સ્પષ્ટ પણ ખરી. આ બધા વર્ષોની એ મારી મહાન અને સ્પષ્ટ અનુભુતિ છે. મારાથી જે કાંઇ થઇ રહ્યું છે એ સર્વ તે કાંઇ હું કરતો નથી, કોઇ શકિત દ્વારા એ થાય છે. એ શકિત એ કરાવી લે છે. પણ પછી..

**તો શું જગત આ સમજે એવી તું અપેક્ષા રાખે છે?**

ના, તેઓ ભલે ન સમજે. મારે એનો કોઇ યશ જોઇતો નથી. પરંતુ આ બધા અવરોધો અને...

તું જો એમ કહે કે હું તો આ સમજી અને જાણી શકું ને? તો મારો તને પૂરો ટેકો છે. મેં તને કયારેય એમ કહ્યું નથી કે તું ખોટું કરે છે, ખરુંને? તારી એક વાત કાયમ માટે સમજી લેવી જોઇએ કે લોકો અહંકારમાંથી મુકત થઇ ભગવાનને પૂર્ણપણે સમર્પિત ન થાય, તેઓ જયાં સુધી સાચા યોગી ન બને, ત્યાં સુધી તેઓ કયારેય આ સમજી શકે નહિ. તેઓ કેવી રીતે સમજે? તેઓ બધું કેવળ બાહ્ય દ્રષ્ટિએ જ જુએ છે. તેઓ કેવળ બાહ્ય પદાર્થો અને આભાસો જ જુએ છે. તેઓ અંદર જોતા નથી. અને જયારે આપણે બહારની એટલે કે બીજા માણસોની કદરની અપેક્ષા રાખવાનું બંધ કરી દીધું હોય, પછી ફરિયાદ કરવા માટે કોઇ કારણ રહેતું નથી. પછી તેઓ જો કદર કરે તો એ એમને માટે સારું છે; અને ન કરે તો એની ચિંતા નહિ, એ એમને પોતે જોવાનું છે. આપણે તે એમને પ્રસન્ન કરવા માટે કોઇ કામ કરતા નથી. આપણે જે કરીએ છીએ તે એટલા માટે કે એ આપણને કરવા જેવું લાગે છે.

**માતાજી, મેં કયારે ય મારી કદર થાય એવી અપેક્ષા રાખી નથી.**



કદાચ ઘટનાઓ તને એ સ્થિતિ અપનાવવા તરફ ખેંચી ગઇ છે, કારણ કે એમાં મુકિત રહેલી છે. એ સાચી મુકિત છે.

**હુ ન તો સ્વભાવે સાધુ છું. મારે કશાની જરૂર નથી**

એ બરાબર છે. પણ તને તારા પોતાના કુટુંબની કદરદાનીની જરૂર પણ નહિ કરવી જોઇએ.

મારી સર્વ ત્રુટિઓ અને નબળાઇઓ છતાં મને કોઇ વસ્તુની જરૂર નથી. મને કોઇ પ્રશંસાની જરૂર નથી.

તો તું દુઃખી નહિ થાય. કારણ કે તને એક જ વસ્તુની જરૂર છે, અને એ છે ભગવાનનો આધાર. અને એ તને મળી ચૂકયો છે. પછી તું દુઃખી થઇ શકે નહિ.

**પણ હું ઘણો દુઃખી છું.**

હા, તારા અંતરમાં એક સંઘર્ષ છે. તારી ચેતનાનો એક ભાગ આ સર્વ જાણે છે, પણ હજી બીજો એક ભાગ છે જે સંજોગોને આધીન છે.

તું ભગવાન તરફ વળે અને પૂર્ણપણે મુકિત મેળવે, કદાચ એ માટે આ બધું તારા પર આવતું રહ્યું છે. આને તું ભાગવત કૃપાની અભિવ્યકિત તરીકે લે, તો તને એનું પરિણામ પ્રાપ્ત થશે. એ પરિણામ છે શાંતિ, અવિચલ શાંતિ, પૂર્ણ સમતા અને અદમ્ય બળ.

(લાંબુ મૌન)

આને તારો નૂતન જન્મદિવસ માની લે, એક નવીન જીવન જેનો આરંભ થઇ રહ્યો છે.

- શ્રી માતાજી

# સક્રિય સમર્પણ

સાધનાના આરંભમાં - અને આ આરંભ એટલે ટૂંકો સમય યાને થોડો ભાગ એમ હું કહેવા માંગતો નથી - - 'સ્વપ્રયત્ન' અનિવાર્ય છે. અલબત્ત સમર્પણ જોઈએ જ, પરંતુ સમર્પણ કાંઈ એક દિવસમાં સિદ્ધ થઈ જાય તેવી વસ્તુ નથી. મનના પોતાના વિચારો હોય છે, અને મન તેને વળગી રહે છે. માનવનો પ્રાણ સમર્પણનો વિરોધ કરે છે, કારણ કે શરૂઆતમાં પ્રાણ જેને સમર્પણ કહેતો હોય છે તે તો શંકાસ્પદ સમર્પણ હોય છે, અને તેમાં પ્રાણની પોતાની માગણીઓ સારી પેઠે ભળી ગયેલી હોય છે. સ્થૂલ દેહની ચેતના તો પથ્થર જેવી જડ હોઈ, એ જેને સમર્પણ કહે છે, તે ઘણીવાર તો જડતાની મંદતા સિવાય બીજુ કાંઈ જ હોતું નથી. સાધકની અંદર અંતરાત્મા યાને ચૈત્યપુરુષ એ જ એક એવી સત્તા છે જે સમર્પણ કેમ કરવું તે બરાબર જાણે છે અને શરૂઆતમાં એ અંતરાત્મા સામાન્ય રીતે ઘણા ગાઢ આવરણથી ઢંકાયેલો હોય છે. જ્યારે એ અંતરાત્મા જાગૃત થાય છે ત્યારે સમસ્ત પિંડનું અણચિંતવ્યું અને સાચું સમર્પણ તે સાધી શકે છે. કારણ કે સાધકની પ્રકૃતિના બીજા ભાગોની મુશ્કેલીઓનો તે જલ્દીથી ઉકેલ લાવે છે, એટલે એ મુશ્કેલીઓ દૂર થઈ શકે નહિ. અથવા તો, જ્યાં સુધી ઊર્ધ્વ લોકમાંથી દિવ્યશક્તિના પ્રવાહની રેલ સાધકના કરણોમાં અવતરણ ન કરે તથા સાધનાનો ભાર



પોતાના હાથમાં ન લઈ લે અને પોતે જ વધારે ને વધારે અંશે સાધના કરતી ન થાય, તથા એ રીતે વ્યક્તિના અંગત પ્રયત્નનું, ક્ષેત્ર ઓછું ને ઓછું કરતી ન આવે ત્યાં સુધી પણ સાધનાનો અંગત પ્રયત્ન, એટલે કે પૂરુષાર્થ આવશ્યક રહે છે. વળી, સાધકની અંદર ઊતરીને દિવ્ય શક્તિ સાધનાનો આરંભ કરે તો પણ જ્યાં સુધી મન, સંકલ્પશક્તિ, પ્રાણ અને દેહ એ સર્વે કરણોના ઉપર દિવ્ય શક્તિનો પ્રભાવ સંપૂર્ણપણે જામે નહિ, ત્યાં સુધી પ્રયત્ન તો નહિ પણ અભીપ્સા અને જાગૃતિ આવશ્યક હોય છે.

- શ્રી અરવિંદ


## સમર્પણ - સર્વાંગી હોવુ જોઈએ.

તમારો આધારનો એક ભાગ સમર્પણ કરે, પણ બીજો એક ભાગ પોતાને સમર્પણથી બાતલ રાખે, પોતાને જુદે જ રસ્તે ચાલે, અથવા તો પોતાની શરતો મુકે.

તો એવે હરેક પ્રસંગે તમે પોતે જ પ્રભુની કરુણાને તમારાથી દૂર ધકેલી મૂકો છો.


- શ્રી અરવિંદ





જો તમારે આ રૂપાંતર પ્રાપ્ત કરવાની
ઈચ્છા હોય તો કોઈ પણ પ્રકારનો વિરોધ
કર્યા વગર કે ખોટાં બહાનાં કાઢયા
વિના તમારી જાતને
મા ભગવતી અને તેની શક્તિઓના હાથમાં
સોંપી દો અને તમારી
અંદર પોતાનું કાર્ય નિર્વિઘ્નપણે કરવા દો.

- શ્રી અરવિંદ



શ્રી માતાજીની ચેતના અને મારી ચેતના એક જ છે. એકજ દિવ્ય ચેતના બે રૂપે છે. શ્રી માતાજીના જ્ઞાન વિના, તેમની શક્તિ વિના, તેમની ચેતના વિના કાંઈ પણ કરી શકાય તેમ નથી.



તમારા હૃદયમા એકાગ્રતા કરો
અને તમારા આંતર સ્વરૂપની નીરવતામાં
એક ભૂસકો લગાવી દો,
તેમાં નીચે નીચે ચાલ્યા જાવ.
ત્યાં છે આપણા સ્વરૂપમાંનુ
ચૈત્યપુરૂષનું ચૈતસિક કેન્દ્ર



# પહેલાં તમારી જાતને બદલો

તમે જે વસ્તુ તમારી જાત ઉપર નહિ કરી શકતા હો તે બીજાની ઉપર નહિ કરી શકો. તમે જો પોતાની જાતને જ કોઈ યોગ્ય સલાહ આપીને તેનું પાલન નહિ કરી શકતા હો તો બીજાને સલાહ નહિ આપી શકો. અને જો કોઈ ઠેકાણે તમને કોઈ મુશ્કેલી દેખાય તો સૌ પ્રથમ તમે એ મુશ્કેલીને તમારી અંદર શોધી કાઢો અને તેનું પરિવર્તન કરો કારણ કે બાહ્ય મુશ્કેલીનું પરિવર્તન કરવાનો ઉત્તમ ઈલાજ પોતામાં રહેલી મુશ્કેલીનું પરિવર્તન કરવામાં રહેલો છે. જો તમે કોઈનામાં કોઈ ક્ષતિ જુઓ તો તમે ખાતરી રાખજો કે એ ક્ષતિ તમારામાં છે જ અને શરૂઆત તમારે એ ક્ષતિને તમારી અંદર એનું પરિવર્તન સિદ્ધ કર્યું હશે ત્યારે બીજાઓમાં તેનું પરિવર્તન કરવા માટે પૂરતા પ્રમાણમાં બળવાન હશો. અને એ એક અદ્‌ભુત વસ્તુ છે અને લોકો એ વસ્તુ પ્રત્યે સભાન નથી કે એક અનંત કરુણાને પરિણામે આ વિશ્વની રચના એવી રીતની ગોઠવવામાં આવી છે કે, સૌથી વધુ પાર્થિવથી માંડી ઉચ્ચતમ આધ્યાત્મિક પદાર્થ સુધીનો સંચય એકઠો કરીને જેને તમે તમારી નાનકડી વ્યક્તિતા કહો છો તેમાં મૂકવામાં આવ્યો છે અને એને એક કેન્દ્રસ્થ સંકલ્પશક્તિ સમક્ષ ધરવામાં



આવ્યો છે. એ તમારું પોતાનું કાર્યક્ષેત્ર છે અને કોઈ એ તમારી પાસેથી લઈ જઈ શકે તેમ નથી, એ સર્વાંશે તમારું પોતાનું છે અને જેટલે અંશે તમે તેની ઉપર કાર્ય કરી શકશો, તેટલા પ્રમાણમાં તમે જગત ઉપર કાર્ય કરી શકશો. પરંતુ કેવળ એટલે જ અંશે. વળી આપણે તો બીજાના માટે કરીએ તેના કરતાં પોતા માટે વધુ કાર્ય કરવું જોઈએ.

- શ્રી માતાજી

---

જો તમારે આ રૂપાંતર પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો કોઈ પણ પ્રકારનો વિરોધ કર્યા વગર કે ખોટાં બહાનાં કાઢયા વિના તમારી જાતને મા ભગવતી અને તેની શક્તિઓના હાથમાં સોંપી દો અને તમારી અંદર પોતાનું કાર્ય નિર્વિઘ્નપણે કરવા દો.

- શ્રી અરવિંદ

---

માણસ પોતે પોતાની ચેતનામાં દિવ્ય બને, તથા આંતિરક તેમજ બાહ્ય રીતે દિવ્ય જીવન જીવે તથા કાર્ય કરે એ જ છે સાચી આધ્યાત્મિકતા. 'આધ્યાત્મિકતા' શબ્દની આનાથી ઓછી કે ઉતરતી જે કાંઈ વ્યાખ્યાઓ આપવામાં આવી છે તે વ્યર્થ ફાંફા છે, પાખંડ છે.

- શ્રી અરવિંદ

# શરણાગતિ અને યોગ

શરણાગતિ એટલે ભગવાનને તમારા જીવનની જવાબદારી સોંપી દેવાનો નિર્ણય. આ નિર્ણય વગર કશું જ બિલકુલ શક્ય નથી. તમે જો શરણે ન જાઓ તો યોગનો કશો જ અર્થ રહેતો નથી. સ્વાભાવિક રીતે આના પછી બીજું બધું આવે છે; કારણકે યોગની આખી પ્રક્રિયાની શરૂઆત શરણાગતિથી થાય છે. તમે શરણાગતિ બે રીતે કરી શકો : કાં તો જ્ઞાન દ્વારા, કાં તો ભક્તિ દ્વારા. તમારામાં એવી પ્રબળ અંતઃસ્ફૂરણા હોવી જોઈએ કે ભગવાન જ એકમાત્ર સત્ય છે અને ભગવાન વગર તમે કાંઈ જ કરી શકો નહિ એવી પ્રકાશપૂર્ણ પ્રતીતિ હોવી જોઈએ. અથવા તો તમારામાં એક સાહજિક લાગણી હોવી જોઈએ કે આ એક માર્ગે જ સુખી થવાય તેમ છે, તમારી ચૈત્ય સત્-તામાં એવી પ્રબળ ઈચ્છા હોવી જોઈએ કે તમે માત્ર ભગવાનને ખાતર જ છો. તમે કહો કે ''હું મારી જાતનો નથી'', અને એમ તમારા અસ્તિત્વની જવાબદારી સત્યને સોંપી દો. પછી આવે છે આત્મનિવેદન. ''આ રહ્યો હું વિવિધ ગુણોનું એક સંતાન : સારા અને ખરાબ, તમોગ્રસ્ત અને પ્રકાશિત. હું જેવો છું તેવો મારું નિવેદન કરું છું. મારી બધી ચડતી-પડતી સહિત, ઝઘડતા આવેગો અને વલણો સહિત, મારો સ્વીકાર કરો. મારા પ્રત્યે તમને ફાવે તેમ કરો.''





જે કોઈ શ્રી માતાજીને આવકારે,
સ્વીકારે તેમજ શ્રી માતાજીના દિવ્ય
પ્રકાશમાં રહે તે બધી
(મનોમય, પ્રાણમય, શારીરિક)
ભૂમિકાઓના સત્યને સમજવા લાગશે.

# મા

દૈનિક જીવનમાં (૩૯) ભૂપેન્દ્ર ત્રિવેદી

## ભગવતી માતાજી મારા જીવનનું એક માત્ર લક્ષ્ય છે.



માતાજી જ મારી માતા છે. પ્રભુ છે, જીવનનો આધાર છે. તેઓ જ એક માત્ર મારું લક્ષ્ય છે. આરાધ્ય છે. માતાજી વિના હું કંઈ જ નથી. કંઈ જ નથી. મા જ મારું સર્વસ્વ છે. મને જન્મ આપ્યો છે તે મારી માતા કરતા



પણ એક વિશેષ રૂપે તે મારી માતા છે તે મારી અનુભૂતિ જ નહિ. એક સત્ય છે. તે જ એક પરમોચ્ચ સત્ છે. માતાજી મને આપે છે એટલું કોઈ આપી શકે તેમ નથી. મારી લાયકાત હોય કે ન હોય - તેઓ જ મારું ધ્યાન રાખે છે. કામ કરે છે, રક્ષણ કરે છે. મા વગર કંઈ જ નથી. મને ઘડે છે, મને અને મારી આખીયે પ્રકૃતિને એક સંપૂર્ણ આધ્યાત્મિક ઊંચાણો તરફ દોરી જાય છે. માને મેળવવા ક્યાંયે જવું પડે તેમ નથી. તેઓ તો અહીં જ છે. મારી આસપાસ છે ને મારી અંદર-બહાર પણ છે. માતાજીની હાજરીને અનુભવવા તમારે ક્યાંય બીજે જવાની જરૂર પડતી નથી. માતાજી આપણા સૌના હૃદયમાં રહેલા છે. ને તેથી આપણી ચેતના જ્યારે અંદર તરફ વળે છે. ત્યાં ઠેઠ અંદર સુધી ઊંડાણમાં બેઠેલા છે. આપણી બાહિક - તેમજ ચારેતરફ ફર્યા કરતી નજરો, આપણી એકાગ્રતાને આપણી દૃષ્ટિને, વૃત્તિને - જ્યાં ત્યાં બહાર વિખેરાતી અટકાવી દઈશું ને જેવા અંતર્મુખી થશું ને મા હાજર થાય છે.

માતાજી માત્ર મને સુખ જ આપશે. એવી ભ્રાંતિમાં રહેવું નકામું છે. કારણ કે આપણી ભૂલોને તે ફરી ફરીને થવા દેતી નથી. આપણને ક્યારેક કોઈ તકલીફ નડે, ઘા પડે, ત્યારે ત્યારે તેનો કરુણા સભર હસ્ત આપણી પીઠ પર ફરતો અનુભવીએ છીએ. અને કહેતી હોય છે. મારા બાળ, તું મુશ્કેલીઓથી ગભરા નહિં. વેદનાથી ડરતો નહિ, એની પાછળ પણ ભાગવત પ્રેમ રહેલો છે. તને તે જ તૈયાર કરી રહેલી હોય છે.

માતાજી જ મારો પ્રકાશ છે, દિવ્ય પ્રકાશ છે પ્રભુના પરમ પ્રકાશથી ઝળહળતી જ્યોતિર્મયી મારી મા છે. તે જ પ્રભુનો પૃથ્વી પરનો અવતાર છે. ને તેના લાખ્ખો બાળકોને જન્મ આપે છે. ફરી ફરીને જીવનની અંદર નવજન્મ કરાવે છે. સામાન્યને પ્રભુ પદે બેસાડે છે. ઊર્ધ્વના શિખરે લઈ

જાય છે. અવતારમાં તો પ્રભુ પોતાની અમુક જ શક્તિનો માનવ શરીરમાં તેનો આવિર્ભાવ હોય છે. જ્યારે પરમાત્માએ માતાજીની અંદર અમુક જ શક્તિઓનું નહિ પરંતુ પૂર્ણરૂપે સભાનપણે પ્રભુએ પોતે જ માતાજીનું આ સંપૂર્ણ સ્વરૂપ ધારણ કરેલું છે. માતાજી સ્વયં પ્રભુ છે. પ્રભુની શક્તિ છે. એક સંપૂર્ણ દિવ્ય આવિર્ભાવ છે. માતાજીની ચેતના અતિમાનસી ચેતના છે. અતિમાનસી ચેતનાનો અર્થ છે. પૂર્ણ પ્રકાશ-સર્વોચ્ચ પ્રકાશ. ઊર્ધ્વોનું ઊંચામાં ઊંચું શિખર - માતાજી ત્યાંથી આવેલા છે. જે પરમ એક તત્વને આપણે મા ભગવતી તરીકે આરાધીએ છીએ. તે અખિલ સત્તાના ઉપર અધિષ્ઠાન કરનારી દિવ્ય ચિત્-શક્તિ છે. તે પોતે એક છે છતાં એટલી તો અનંતમુખી છે કે ગમે તેવું વેગવાળું, શીઘ્ર ગ્રાહી મન કે મુક્તમાં મુક્ત અને સૌથી વિશાળ એવી બુદ્ધિ પણ એની ગતિનું અનુસરણ કરી શકે તેમ નથી. મા ભગવતી જ પરમ ઈશની ચેતના અને તેની જ શક્તિ છે અને વિશ્વમાં તેની જ સર્જનશીલ ચેતના શક્તિ કાર્યો કરી રહેલાં છે. આ સમગ્ર વિશ્વની અંદર મા ભગવતી પોતે જ ગૂઢ કે પ્રગટ રીતે, પોતે જ ગતિ કરી રહી છે.

આવા છે આપણા સૌના માતાજી. જ્યારે જ્યારે આપણને તેમની જરૂર પડે છે. ત્યારે યારે આપણો સાદ સાંભળીને એ અવશ્ય તેની હાજરીની ઉપસ્થિતિની એક સઘન અનુભૂતિ જ કરાવે છે. એટલું જ નહિ પરંતુ આપણા નાના મોટા કાર્યો કરવા પણ તત્પર હોય છે. એવા આપણા મા ભગવતી સ્વરૂપા શ્રી માતાજીને કોઈપણ પ્રકારનો વિરોધ કે ખોટાં બહાનાં કાઢયા વિના આપણા સૌની જાતને મા ભગવતી અને તેની શક્તિઓના હાથમાં કેમ ન સોંપીએ ?

માતાજી, તો આ કે તે છે તે જાણવાને હું કદિ ચિંતા કરતો નથી. માતાજી તો માતાજી જ છે. હું એનો છું. ને એવો મારાં છે. હું એમને ખાતર



જ છું. એમનો જ છું ને જન્મોજન્મ એમનો થઈને જ રહેવાનો છું. હું કાંઈ મારી જાતનો નથી - મારી કાંઈ જાત જ નથી - હું એટલું જ કહી શકું. મારું કહી શકાય એવું કંઈ જ છે નહિ. કારણ કે હું મારી માતાનો છું. મેં મારી - સંપૂર્ણ - મારા વ્યક્તિત્વની જવાબદારી એમને સોંપી દીધી છે. હું એનો જ છું. એમનો જ છું. સારું કે ખોટું - કંઈ જાણતો નથી - હું સારો છું કે ખોટો છું. ખરાબ છું. જે કંઈ છું પણ હું તો માતાજીનો જ છું - મા એકવાર પણ તમે મારો સ્વીકાર કરી લો, બસ, મારા જીવનની પૂર્ણ યથાર્થતા એમાં જ રહેલી છે. મા મને તમારો કરી લો. તમારો ને માત્ર તમારો જ. તમને ફાવે તે કરો - પણ હું માત્ર તમારો જ બનીને રહીશ. આ જન્મે કે પછી કોઈપણ મારા જન્મે હું માત્ર ને માત્ર તમારો જ બનીને રહેવા માંગું છું.

મને એવી લાગણી પણ થાય છે કે જે કોઈ વ્યક્તિ માતાજીને ચાહે છે, ભજે છે, આરાધે છે, તેમનું સ્મરણ માત્ર કરે છે તે સૌ મારા ભાંડુઓ જ છે. ભાઈઓ છે, તે સર્વની સાથે એક તારે, એક સૂરમાં, ને પરમ સંવાદમાં રહેવું, કાર્યો કરવા તે એક મારું લક્ષ્ય બની રહો. સર્વમાં, સર્વની અંદર હું મારા માતાજીને કાર્ય કરતા જોઈ શકું. સમગ્ર વિશ્વમાં માતાજી સિવાય કંઈ છે જ નહિ. SHE IS MY GOAL, EVERY Thing is in her, If she is attained all is attained. If you dwell in her consciousness, everything else unfolds of itself.

---

શ્રી માતાજીએ દેહમાં આવવું એ પૃથ્વીને માટે એક મોટી તક છે. એમના અહીં આવવાને લીધે પૃથ્વીની ચેતના પોતાની અંદર અતિમનસને ઝીલી શકશે. અને એ ઝીલવા માટે પૃથ્વીએ પોતાનું રૂપાંતર સાધવું જરૂરી છે, તે શક્ય બનશે.

# સાવિત્રી–સાર

પ્રકરણ - ૬૪ - ભૌતિક-રૂપાંતરનો પાયો

**- માનસિંહભાઈ ચાવડા**

Across our nature's border line we ascape
Into supernature's are of living light.
This now was witnessed in that son of Force.
In him that high transition laid its base.
Original and supernal Immanence
of which all Nature's process is the art.
The cosmic worker set his secret hand
to turn this frail mud-engine to heaven-use.

Savitri B-1 C-3, P - 24-25

આવી રીતે પુરુષોત્તમના સાક્ષાત્કારથી શરીરમાં પુરાએલી ચેતનારૂપી પક્ષી જાણે શરીરનાં પિંજરામાંથી છટકી મુક્ત વિહાર કરવા માંડે છે. અહિં શરીર એટલે ફક્ત પાર્થિવ શરીર નહિં પણ પ્રાણમય અને મનોમય શરીરનો પણ શરીરમાં સમાવેશ થાય છે. માનવ સ્વરૂપ આ ત્રણે તત્વોનું બનેલું છે. ફક્ત પાર્થિવ શરીર એવો ખોટો અર્થ ન લેવાય માટે શ્રી અરવિંદ "our nature" આપણી પ્રકૃતિ એવો



સ્પષ્ટ નિર્દેશ કરે છે. આપણી પ્રકૃતિ ઉપરના ત્રણે તત્વોની બનેલી છે. તે 'ત્રિગુણાત્મિકા' છે. મનરૂપી સત્વગુણ, પ્રાણરૂપી રજોગુણ અને પાર્થિવ તત્વરૂપી તમોગુણની આ ત્રિગુણાત્મિકા પ્રકૃતિ છે. ઉપનિષદની ભાષામાં કહેવું હોય તો આ પ્રકૃતિ શુક્લ, રક્ત અને કૃષ્ણ પ્રકાશરંગોની બનેલી છે. જેમાં શ્વેત પ્રકાશરંગ સત્વગુણનો, રક્ત પ્રકાશરંગ રજોગુણનો અને શ્યામ પ્રકાશરંગ તમોગુણનો નિર્દેશક છે. શ્રી અરવિંદ આ જ સત્ય જણાવતા કહે છે કે "We are made of lights".

આ ત્રણે ગુણોની મર્યાદામાંથી છટકીને આપણે ચૈત્યપુરૂષ ત્રિગુણાતીત અવસ્થમાં પ્રવેશ કરે છે. ભગવાન શ્રીકૃષ્ણ પણ કહે જ છે કે ''નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન''.

"Across our nature's boarder line we esscpe."

આ આપણી પ્રકૃતિમાંથી છટકીને આપણે ક્યાં જઈએ છીએ ? શું આપણે શૂન્યમાં પ્રવેશીએ છીએ ? શ્રી અરવિંદ કહે છે ત્યાં શૂન્ય નથી. પણ ત્યાં એક દિવ્ય પ્રકાશ છે અને તે જીવંત છે. તે living light છે તે સચેતન છે. શ્રી અરવિંદ તેને સચેતન કહે છે. કારણ તે આપણું સંરક્ષણ કવચનું કામ કરે છે આપણને આધ્યાત્મિક પોષણ આપનાર કામધેનુ છે. આપણા દિવ્ય સ્વરૂપને ઘાટ આપનાર વિશ્વકર્મા છે. તેની દ્વારા જ મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી પોતાનું દિવ્યકાર્ય કરતાં હોય છે. આપણા પ્રકૃતિ અને સ્વરૂપ ફરતે વિંટળાઈ વળેલુ તે જ્યોતિર્લિંગ છે તે આપણું પ્રભામંડળ છે. તે સુચવવા જ શ્રી અરવિંદ એક ખાસ સૂચક શબ્દ અહિં વાપરે છે તે તેને Arc of living light કહે છે. આ આપણા ચૈત્યપુરૂષનું પ્રભામંડળ હોય છે. વેદોની ભાષામાં કહેવું હોય તો આપણામાં રહેલ દિવ્ય અગ્નિ અથવા દિવ્ય સ્ફુલિંગ અર્થાત જાતવેદસનું પ્રભાચક્ર હોય છે. આપણી આ દિવ્ય-પ્રકૃતિ અથવા પરાપ્રકૃતિ હોય છે. આપણે અપરા પ્રકૃતિમાંથી છટકી પરાપ્રકૃતિમાં પ્રવેશેલા હોઈએ છીએ. પરાપ્રકૃતિનો નિર્દેશ કરવા જ શ્રી અરવિંદ અહિં "super nature" શબ્દ પ્રયોજે છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે - તે ચેતના

Into Super nature's arc of living light માં પ્રવેશે છે.

અશ્વપતી પોતામાં રચાતી આ ભૂમિકા તટસ્થરીતે સાક્ષીભાવથી જોતો હોય છે. શ્રી અરવિંદ અહિં "Witnessed" શબ્દ વાપરીને એક ખાસ વસ્તુ સૂચવવા માંગે છે. અમુક સાધકો મનના ખેલમાં અટવાઈ ભ્રાંતિ જનક અનુભૂતિઓ નિર્માણ કરવા ટેવાએલાં હોય છે. તેમને આવતી અનુભૂતિઓ તેમણે પોતે જ નિર્માણ કરેલી ભ્રમણાઓ હોય છે. એક રીતે અચિત્‌નાં તત્વો જ તેમને આ માર્ગે ગેરરસ્તે દોરતા હોય છે પણ અહિં શ્રી અરવિંદ જણાવે છે કે અશ્વપતીની અનુભૂતિઓ બાબત પૂરેપુરો તટસ્થ હતો. ભ્રામક કૃત્રિમ અનુભૂતિઓ પ્રાણમય-લોકમાં સત્વો નિર્માણ કરતાં હોય છે. એવું શ્રી અરવિંદે એક ઠેકાણે જણાવેલ છે. અશ્વપતી પોતે પણ પ્રાણમય પુરૂષ જ હતો. તે "Son of Force" હતો જ છતાં તે આવા આડમાર્ગે પ્રવેશેલો સાધક નહોતો. શ્રી અરવિંદ અશ્વપતીને son of force કહે છે કારણ તેણે આ પૃથ્વિ ઉપરની ઉત્ક્રાંતિને આગળ ધપાવવા માટે જગન્માતા પોતે અવતાર લે એ કાર્યનું દુષ્કર બીડુ ઉપાડયુ હતું. આવુ સાહસીક હૃદય પ્રાણમય પુરૂષ જ ભરી શકે. અશ્વપતી આ નામ પણ એ જ સૂચવે છે 'અશ્વ' પ્રાણમય શકિતઓનું પ્રતિક છે પણ આ પ્રાણમય શક્તિઓ ઉપર પુરેપુરૂ નિયંત્રણ કરી તેમને પ્રભુના કાર્યમાં પ્રયોજવાની ક્ષમતા અશ્વપતીમાં હતી. તેથી જ તેને અશ્વોનો અર્થાત પ્રાણમય શક્તિઓનો માલિક, સ્વામી તરીકે વર્ણવ્યો છે તે પતિ છે સ્વામિ છે ગુલામ નથી. તેનો પ્રાણ વિશાલ અને શુદ્ધ છે, શાંત છે, દૃઢ છે, દિવ્ય છે. અશ્વપતી નામ તેમણે સાર્થક કરેલું છે.

શ્રી અરવિંદે અહિં બીજુ પણ સૂચન કરેલ છે. શ્રી અરવિંદ Power (શક્તિ) અને Force (બળ)માં તફાવત પાડે છે. શક્તિ એટલે નિષ્ક્રય સુપ્ત પાસુ છે અને બળ એ સક્રીય અને જાગૃત, કાર્યરત પાસુ છે. Dorment અને Linetic શબ્દોમાંનો આ તફાવત છે. અશ્વપતીનો પ્રાણ સક્રીય છે. તે man of action છે. તે કર્તૃત્વવાન પુરૂષ છે. કર્મયોગી છે. ધાર્યું નિશાન પાડી બતાવનાર દિવ્યયોદ્ધો છે.



આવા શક્તિ સંપન્ન દિવ્યયોદ્ધાને પોતે પરાપ્રકૃતિનાં દિવ્ય પ્રભામંડળમાં જાગૃત થવાનો વાસ્તવિક અનુભવ આવી રહ્યો હતો. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે This now was witnessed in that son of force.

Force નો આધાક્ષર કેપિટલ કરી તે દિવ્ય બળ છે એમ શ્રી અરવિંદ સૂચવે છે. બીજુ અશ્વપતી પોતે પોતામાં જ આ અનુભૂતિ ને સાકાર થતી જોઈ રહ્યો છે તે દર્શાવવા શ્રી અરવિંદ "in" શબ્દ વાપરે છે. આ એક અશ્વપતીને આવેલી આંતર અનુભૂતિ છે પોતાને જ પોતામાં થતો ફેરફાર તે અનુભવી રહ્યો છે.

અપરાપ્રકૃતિમાંથી પરાપ્રકૃતિમાં પ્રવેશવાની ઘટના એ ખૂબજ મહત્વની ઘટના છે. એ ખૂબજ મહત્વનો પ્રવાસ કે રૂપાંતર ગણી શકાય. તેથી શ્રી અરવિંદ તેને "high transition" ગણાવે છે. આ મહત્વનાં રૂપાંતરની ઘટનાને કારણે હવે વધારે દિવ્યતા તરફ ગતિ કરવાનો મજબૂત પાયો રચાયો છે એવું શ્રી અરવિંદને લાગે છે. તેથી તેઓ જણાવે છે કે "In him that high transition laid its base."

આ દ્વારા શ્રી અરવિંદ એ પણ સૂચવે છે કે આ ફક્ત શરૂઆત છે આને જ અંતિમ અનુભૂતિ સમજવાની ભૂલ સાધકે કરવી ન જોઈએ.

આ પોતાના દિવ્ય-કેન્દ્રમાં સ્થિર થતાં જ અશ્વપતી એક અપાર્થિવ એવી વિશાળતા, અસીમતા બાબત સભાન બને છે. આ અસીમતા પોતાની ચેતનાનો જ વિસ્તાર છે એ તેને આંતરીક રીતે જણાય છે. તેથી તે Original છે એવો લાગે છે તે અપાર્થિવ વસ્તુ છે એમ લાગવાથી તે supernal છે એમ તેને લાગે છે. Immanence એટલે અસીમતા આ અસીમ અસ્તિત્વ અર્થાત 'સત્‌' કે 'તદ્‌'ના આધારે જ નીચેની બધી માનસિક, પ્રાણમય, ભૌતિક, રાસાયણિક ક્રીયાઓ ચાલતી તેને લાગે છે. જાણે આ અસીમ 'તદ્‌'ના સંકલ્પ માત્રથી એ બધી નૈસર્ગિક ક્રિયાઓ થતી હોય એવું તેને લાગે છે. તે 'તદ્‌' તત્વ જ તેનું મૂક રીતે સંકલ્પ બળથી સંચાલન કરતું હોય એમ લાગે છે. તે બધું જાણે તેની કલાકૃતિ તેને લાગે છે. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે 'of which all Nature's process is the art."

અશ્વપતીને લાગે છે કે તેમાં જે ગૂઢ ફેરફારો સમજણમાં અને દર્શનમાં થઈ રહ્યાં છે તેનું જાણે કોઈ અનામી તત્વ સંચાલન કરી રહ્યું છે.શ્રી અરવિંદ તેની અનુભૂતિને સંમતિ આપતાં જણાવે છે કે વાસ્તવિકતા પણ એ જ હતી. વિશ્વાતીત ચેતનાએ તેના શરીરમાં રૂપાંતર કરવાની શરૂઆત કરી દીધી હતી.

આપણા શાસ્ત્રોમાં અસ્તિત્વની ત્રણ કક્ષાઓ પાડેલી છે. વ્યક્તિગત, વૈશ્વિક અને વિશ્વાતીત. શ્રી અરવિંદ આ ત્રણે કક્ષાને જ Individual, Universal અને Cosmic. આ ત્રણ શબ્દો દ્વારા વ્યક્ત કરતાં હોય છે. ત્રણે કક્ષાએ ફરી ત્રણ ત્રણ પાસા હોય છે. ચૈતસિક, માનસિક અને પાર્થિવ. આ ત્રણે પાસા અને ત્રણે સ્થરો એકબીજામાં ઓતપ્રોત હોય છે. વ્યક્તિ એ વિશ્વનો અંશ હોય છે અને વિશ્વ એ વિશ્વાતીતનો અંશ હોય છે.

વિશ્વાતીત કક્ષાનાં ત્રણે પાસાનાં સ્વરૂપોને અનુક્રમે ઈશ્વર, હિરણ્યગર્ભ અને વિરાટ કહેવામાં આવે છે. વિશ્વના ત્રણે પાસાને મહેશ, વિષ્ણુ અને બ્રહ્મા કહેવામાં આવે છે. જ્યારે વ્યક્તિગત કક્ષાએ તેમને પ્રાપ્ત, તેજસ અને વૈશ્વાનર કહેવામાં આવે છે. પરાત્પર પ્રભુનો આદિ સંકલ્પ વિશ્વાતીત કક્ષાએથી નીચે અવતરણ પામી વ્યક્તિ કક્ષાએ પ્રકટ થાય છે.

પૃથ્વી ઉપર ઉત્ક્રાંતિમાં નવું તત્વ ઉમેરવાનો પરાત્પરનો સંકલ્પ હવે સક્રીય બની ગયો છે અને વિશ્વાતીત પુરૂષોએ તે અનુસાર વૈશ્વિક પુરૂષો દ્વારા (મહેશાદિ દ્વારા) વ્યક્તિ કક્ષાએ કામ શરૂ કરી દીધું છે. એ દર્શાવવા શ્રી અરવિંદ વિશ્વાતીત પુરૂષોને "cosmic worker" શબ્દ વાપરે છે. તેમણે સૂક્ષ્મ સ્તરેથી આ કાર્ય શરૂ કરી દીધું છે. એ દર્શાવવા "Set his secret hand" શબ્દ વાપરે છે. અશ્વપતીના આ નબળા ભૌતિક - શરીરનો ઉત્ક્રાંતિના આગામી તબક્કામાં ઉપયોગ કરવા તેને દિવ્યહેતુને અનુરૂપ ઘડવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. અર્થાત ભૌતિક રૂપાંતરની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. એમ શ્રી અરવિંદ લખે છે કે "The Cosmic Worker Set his secret hand to turn this frail mud-engine to heaven-use."



શ્રી અરવિંદ અહિં cosmic Worker એક વચનમાં વાપરે છે અને તેમાં પણ Cosmic નો C કેપીટલ ન કરતાં Workerનો "W" કેપીટલ કરે છે. તેની પાછળ તેમણે એક સ્પષ્ટ સૂચન કર્યું છે. ઉત્ક્રાંતિના આગામી તબક્કાનું કાર્ય હવે ભૌતિક કક્ષામાં શરૂ થઈ ગયું છે. સૂક્ષ્મ ભૌતિકમાં પ્રવેશી ચુક્યું છે અને તે વિરાટને દર્શાવવા જ એક વચની પ્રયોગ કરેલ છે. ભૌતિક તત્વનું કૃતિ એ લક્ષણ હોવાથી Worker શબ્દ વાપરી તેનો "W" કેપીટલ કર્યો છે.

સંકલ્પના અવતરણની ત્રણ અવસ્થા હોય છે. જ્ઞાનની કક્ષાએ ચૈતસિક કક્ષા છે. ઈચ્છાની કક્ષા એ મનોમય કક્ષા છે. અને કૃતિ એ ભૌતિક કક્ષા છે. આમ જ્ઞાન-ઈચ્છા-કૃતિ આ ત્રણ અવસ્થા દ્વારા જ સંકલ્પ ભૌતિક સ્તરે વાસ્તવિક બને છે.

અશ્વપતીના ભૌતિક રૂપાંતરનો પાયો નખાઈ રહ્યો છે અને અશ્વપતી તે બાબત સભાન બન્યો છે.

શૂ અતિમનસનું ૧૯૫૬માં થએલું સૂક્ષ્મ પાર્થિવ સ્તરનાં અવતરણને આવો પાયો ન ગણી શકાય?

આ મહાન પરિવર્તન એટલે પૃથ્વી ઉપર નૂતન માનવજાતિનું આગમન - ભવિષ્યમાં આ નૂતન માનવજાતિ માનવ કરતાં એટલા પ્રમાણમાં આગળ હશે જેટલો માનવ પશુ કરતાં આગળ છે. જે લોકો એને ગ્રહણ કરવાની શક્તિ ધરાવે છે તેવા સૌ કોઈ ઉપર પોતાનો પ્રકાશ પાથરી રહી છે.

- શ્રી માતાજી

# આવકાર

- 'સહજ-સત્સંગ'ના ઓકટોબર અંકમાં 'મા' ભગવતીનું વર્ણન વાંચતા સાક્ષાત માની અનુભૂતિ થાય છે. આપની 'મા' લેખમાળા ખૂબ જ અદ્‌ભૂત છે, સરળ ભાષા, અને ભાવના સભર લેખો વાંચતા ખૂબ જ જાણવા મળે છે. પૂ.શ્રી માતાજી - શ્રી અરવિંદના શબ્દોના માધ્યમ દ્વારા ઘણું બધું કાર્ય થાય છે. જે અમારા જેવા સાધક ભાઈઓને માટે ખૂબ જ આવકારદાયક બને છે. સુંદર ફોટાઓ, લખાણો, રસ-સભર લેખો. સરળભાષા, દ્વારા ખૂબ જ ઉપયોગી બન્યું છે. ઉત્તમોત્તમ પ્રગતિ થાય અને પ્રચાર-પ્રસાર ખૂબ જ થાય તેવી પૂ. મા ને પ્રાર્થના.

તા. ૫.૧૧.૨૦૦૭ જશુમતી જાની

'સહજ-સત્સંગ' માત્ર સામાયિક નથી - એક 'સહજ-સત્સંગ' એટલે હજારોના ખર્ચે કરાતી યોગ શિબિર બરાબર છે.

અમદાવાદ તા. ૭.૧૧.૨૦૦૭ જે. વી. પાઠક

– સપ્ટેમ્બર માસનો અંક સંગીત ઉપરનો વાંચીને ખૂબ આનંદ થયો. હું સંગીત શીખી રહી છું. ખરેખર ખૂબ જ સાચી વાત છે કે સારેગમ ગાતા ચેતનાને જગાડે છે સંગીત એ આત્માની એવી એક અનુભૂતિ છે કે તેને શબ્દમાં લખવી મુશ્કેલ છે. એ અનુભવાય છે. એમાં પણ જ્યારે જ્યારે શ્રી મા માટે ગાતા સોઈએ ત્યારે તો કહેવું જ શું ? સ્વરની સાધના શ્રી મા ની ખૂબ જ નિકટ લઈ જાય છે. તેમાં જરાય શંકા નથી. આવો સુંદર અંક પ્રકાશીત કરવા બદલ ખૂબ ખૂબ આભાર.

યુ.એસ.એ. ૩૦.૧૦.૨૦૦૭ વંદના પુરાણી



– આપના તરફથી નિયમિત નૈવેદ્ય (સહજ-સત્સંગ) ધરાતો રહે છે. તે નૈવેદ્યમાં મારા તરફથી એક નાનકડું તુલસીપત્ર મુકું છું. શ્રી મા ની કૃપાથી આનંદ મંગળ છે

તા.૧૮.૧૦.૦૭ વડોદરા મહેન્દ્રભાઈ પારેખ

- 'સહજ-સત્સંગ'ના અંકોનું વાંચન એટલે હૃદયને ભક્તિ, પ્રેમ, આનંદથી તરબોળ કરવાની ક્રિયા. દિવ્ય માતાજી - શ્રી અરવિંદની છબીના દર્શન આપણી ચૈતસિક ભૂમિકાને-જાગૃત કરે છે. એવી સઘન અનુભૂતિ થાય છે. અનેક વિષયો ને મુદદાઓને આવરી લે છે. તેથી સાધકોને ખૂબ જ માર્ગદર્શન -દીવાદાંડી રૂપ બની જાય છે.

તા.૨૭.૧૧.૦૭ અમદાવાદ નારણભાઈ પટેલ

- 'સહજ-સ નિયમિત મળે છે. અને મળે એટલે તુરત જ શાંતીથી વાંચવા બેસી જઈએ છીએ. એટલું જ નહિ. ત્રણથી ચાર વખત વાંચી જઉં છું.

યુ.એસ.એ. લેક ફોરેસ્ટ કમળાબેન

- 'સહજ-સત્સંગ'ની તાલે હાલમાં કોઈ મેગેઝીન નથી. બીજું કંઈ વાંનચવાની જરૂર જ ગણાતી નથી. આજની ફાસ્ટ લાઈફમાં 'સહજ-સત્સંગ' વાંચો અને આત્મ-ચિંતન કરીએ તો ઘણું. એ જ....

મુંબઈ તા.૨૮.૧૧.૦૭ શાંતુભાઈ એન. દેસાઈ

પૂ.માતાજીએ તમારા પર અસીમ કૃપા કરી 'સહજ-સત્સંગ'નું પ્રકાશન કાર્ય તમને સોંપેલું છે. જે તમે કપરામાં કપરા સંજોગોમાં પણ સંભાળી રહ્યા છો. એ ખૂબ પ્રશંસનીય છે. મારી પાસે એ માટે શબ્દો જ નથી.

યુ.એસ.એ.-તા.૫.૧૨.૦૭ ધીરજભાઈ